મુદ્દા નં. ૫૩.૩૧ (8)

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

જા.નં.આકૃયુ/પીએસવીસી/નિ.મં.૫૩.૩૧/ 53 /૨૦૨૦, તા.૨૮/૧૧/૨૦૨૦

<u>ખાનગી</u>

તા.૧૧/૧૧/૨૦૨૦ના રોજ આ.કૃ.યુ.ની નિયામક મંડળની બેઠક મળેલ. જેની કાર્યવાહી નોંધના મુદ્દા નં. ૫૩.૩૧ અન્વયે તા.૧૬/૦૮/૨૦૧૯ (નકલ સામેલ) નો વિરોધાભાસ પત્ર તત્કાલિન ઇ.ચા. કુલપતિશ્રી, ડૉ. કે.બી. કથીરીયા દ્વારા લખવામાં આવેલ જેની નકલ તેમજ આ કાર્યવાહી નોંધના મુદ્દાની નકલ મોકલી તેઓશ્રીનુ શુ ઔચિત્ય હતુ તે અંગે આર.પી.એ.ડી.થી સત્વરે પત્ર પાઠવી વિગતો મેળવી આગામી નિયામક મંડળમાં રજુ કરવાની કાર્યવાહી હાથ ધરવા માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

કુલપતિશ્રીના રહસ્યસચિવ

પ્રતિ,
કુલસચિવશ્રી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ

PA
Ack
૨/૧૨/૨૦૨૦

3200
2/12/2020

# આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ–૩૮૮૧૧૦

ડૉ. એમ. એમ. ત્રિવેદી
ઈ/ચા. કુલસચિવ

ફોન/ફેક્સ: (ઓ) (૦૨૬૯૨) ૨૬૧૩૧૦
E-mail: registrar@aau.in

જા.નં.આકૃયુ/રજી/એકેડેમીક/૫૪૪૧/૨૦૨૦ તા. ૦૨-૧૨-૨૦૨૦ ૦૩

પ્રતિ,
ડૉ. કે. બી. કથીરીયા,
નિવૃત્ત સંશોધન નિયામકશ્રી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ.

By RPAD

વિષયઃ પત્રની સ્પષ્ટતા બાબત.
સંદર્ભ: (૧) જા.નં. આકૃયુ/પીએસવીસી/નિ.મં.૫૩.૩૧/૬૩/૨૦૨૦,
તા.૨૮-૧૧-૨૦૨૦
(૨) No.AAU/DR/PS/308/2019, Date: 16-08-2020

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર (૧) થી (નકલ સામેલ છે) માન. કુલપતિશ્રી દ્વારા આ સાથે સામેલ સંદર્ભિત પત્ર (૨) બાબતે જરૂરી વિગતો માંગેલ છે પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જેથી પત્રમાં દર્શાવેલ બાબતે જરૂરી વિગતો મોકલી આપવા વિનંતી છે.

ઇ/ચા. કુલસચિવ

સામેલ : ઉપર મુજબ

RG0777070404IN IVR:0277077070404

RL ANAND AGRI INST  ANAND SO (388110)

Counter No:1,03/12/2020,14:35

To:DR R G KITHIRIYA,AAU

PIN:388110, Anand Agri Inst  Anand SO

From:DISPATCH CL,UNIVERSITY GHATA

Wt:30gms

Amt:0.00PS:30.00

(Track on www.indiapost.gov.in)

BOM-54

નોંધવાળ

Office of the Registrar
A.A.U., ANAND.
28 DEC 2020
INWARD NO. 9234

ડો. કે. બી. કથિરિયા
નિવૃત સંશોધન નિયામકશ્રી(આ.કૃ.યુ.)
ઇ/૧/૧, આ.કૃ.યુ. કેમ્પસ,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮ ૧૧૦
તા. ૨૩-૧૨-૨૦૨૦

પ્રતિ,

ઇ.ચા. કુલસચિવશ્રી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮ ૧૧૦

વિષય : તા.૦૨/૦૩-૧૨-૨૦ના પત્ર દ્વારા માંગવામાં આવેલ સ્પષ્ટતાની વિગતો
સંદર્ભ: આપની કચેરીના ખાનગી પત્ર નં. આ.કૃ.યુ./રજી/એકેડેમિક/૫૪૪૧/૨૦૨૦ તા.૦૨/૦૩-૧૨-૨૦

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભીત પત્ર અન્વયે જણાવવાનું કે મારા દ્વારા Federal University of Technology(FUT), Minna, Nigeria ને લખેલ અંગ્રેજી પત્રનં. AAU / DR / PS / 308 / 2019 Date: 16-08-2019 અંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળની ૫૩મી બેઠકના મુદા નં.૫૩.૩૧ અનુસંધાને ઉક્ત સંદર્ભથી માંગવામા આવેલ વિગતો આ સાથે સામેલ રાખી મોકલી આપુ છુ. ખુલાસામાં દર્શાવેલ મારા દ્વારા Federal University of Technology(FUT), Minna, Nigeriaને લખવામાં આવેલ પત્ર તેમજ AAU અને FUT વચ્ચે કરવામાં આવેલ MoA અંગેની વિગતો મુદા. નં ૧ થી ૫ માં દર્શાવામાં આવેલ છે તે પણ મેળવીને આગામી નિયામક મંડળની બેઠકમાં રજુ કરવા વિનંતી છે. જેથી નિયામક મંડળના માન. સદસ્યશ્રીઓને વાકેફ કરી શકાય.

આભારસહ....

(signature) 23/12/20
( કે. બી. કથિરિયા)
નિવૃત સંશોધન નિયામકશ્રી(આ.કૃ.યુ.)

સામેલ: ઉપર મુજબ ( પાન નં. ૧ થી ૫ )

એકેડેમીક
જમા
૨૮/૧૨/૨૦૨૦

3235
28/12/2020

આણંદ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળની ૫૩મી બેઠકના મુદા નં.૫૩.૩૧ ના અનુસંધાને કુલસચિવશ્રી આ.કૃ.યુ.ના ખાનગી પત્ર નં. આ.કૃ.યુ./રજી/એકેડેમિક/૫૪૪૧/૨૦૨૦ તા.૨/૩-૧૨-૨૦ દ્વારા માંગવામાં આવેલ સ્પષ્ટતાની વિગતો

---

તા.૨૪-૭-૨૦૧૯ના રોજ **Federal University of Technology(FUT), Minna, Nigeria** દ્વારા ડો.એન. સી. પટેલ તત્કાલીન કુલપતિશ્રીની નિમણુંક **International Scientific Advisory Board of Africa Centre of Excellence for Mycotoxin and Food Safety, Federal University of Technology(FUT), Minna, Nigeria** ના સભ્ય તરીકે કરવામાં આવેલ હતી. ત્યારબાદ તા.૦૬-૦૮-૨૦૧૯ના રોજ ડો.એન.સી.પટેલ, માન. કુલપતિશ્રી નિવૃત થયેલ હતા. આ પ્રોજેક્ટની કામગીરી ડૉ.એન.સી. પટેલ માન. નિવૃત કુલપતિશ્રી એ આ.કૃ.યુ. ના સંકલનમાં રહીને કરવાની હોવાથી તેઓ જુન ૨૦૧૯ દરમ્યાન આ પ્રોજેક્ટમાં કરવાની થતી કામગીરી તેમજ તેને લગતી બાબતોની ચર્ચા કરવા માટે નાઇઝીરિયા ખાતે ગયેલ હતા.તેઓશ્રીની મુલાકાત બાદ **FUT, Minna** દ્વારા લખાયેલ ઉપરોક્ત દર્શાવેલ તા.૨૪-૭ ૨૦૧૯ નો પત્ર AAU ને મળેલ હતો.આ પત્રમાં **International Scientific Advisory Board** ના સભ્યોની કામગીરી અને ભુમિકા શુ રહેશે તે બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે મુજબ આ કમીટીના સભ્યશ્રી પાસે **Food Safety, Toxicology, Molecular Biology,** અને **Bioinformatics** વિષયોની તજજ્ઞતા હોવી જોઇએ. આમ, **AAU** અને **FUT** ના સયુંકત ઉપક્રમે જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે તેમાપણ ઉપરોક્ત વિષયોને લગતી કામગીરી કરવામાં આવનાર હોવાથી **Advisory Board** ના સભ્ય તરીકે જો આ વિષયોની તજજ્ઞતા ધરાવતા વિજ્ઞાનિકશ્રીને મુકવામાં આવેતો આ પ્રોજેક્ટની કામગીરીમાં **Advisor** તરીકે તેઓ તરફથી ઉત્કૃષ્ટ તાંત્રિક સુચનો અને માર્ગદર્શન સતત મળતું રહે અને પ્રોજેક્ટના હેતુઓ અને લક્ષ્યાંકોને પુરા કરવામાં આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા વિજ્ઞાનિકોને તાંત્રિક કામગીરીમાં મદદરૂપ થાય અને પ્રોજેક્ટના અંતમાં જે પરિણામો મળે તેનાથી **AAU** ની પ્રતિષ્ઠામાં વધારો થાય તેમજ ભારત, નાઇઝીરિયા અને અન્ય દેશની વિશાળ જનતાની સુખાકારીમાં વધારો થાય. ડો.એન.સી. પટેલ માન. નિવૃત કુલપતિશ્રી, કૃષિ ઇજનેરીની ડોક્ટરેટ ની ડીગ્રી ધરાવે છે જે **FUT** ના તા.૨૪-૭-૨૦૧૯ના પત્રમાં દર્શાવેલ માર્ગદર્શિકાથી જુદી પડે છે તેથી **AAU ની પ્રતિષ્ઠામાં** વધારો થાય તેમજ ભારત, નાઇઝીરિયા અને અન્ય દેશની વિશાળ જનતાની સુખાકારીમાં વધારો થાય તે માટે પ્રોજેક્ટના હેતુઓ અને લક્ષ્યાંકોને પુરા કરવા માત્ર વિજ્ઞાનિક અભિગમ અને વિજ્ઞાનિક પ્રકૃતિ ધ્યાનમાં રાખીને **FUT** ને પત્ર દ્વારા માત્ર જાણ કરવામાં આવેલ છે. વધુમાં સદરહુ પ્રોજેકટમાં પ્રિન્સિપલ ઇન્વેસ્ટિગેટર તરીકે ડૉ. પી. જી. શાહ પેસ્ટીસાઈડ રેસિડ્યુ નાં તથા ડૉ આર. વી. પ્રસાદ ફૂડ ક્વૉલિટી એનાલિસિસ નાં વિષય નિષ્ણાંત ૨ થી ૩ વર્ષમાં નિવૃત થનાર હોય લાંબાગાળાનાં આ પ્રોજેકટમાં તેઓની નિવૃતિ બાદ પ્રોજેકટની કામગીરીમાં વિક્ષેપ ઊભો ન થાય તેમજ અપેક્ષિત પરિણામો ઉપર માઠી અસર ન થાય તે હેતુથી પત્રમાં દર્શાવેલ વિગતોથી માત્ર જાણ કરેલ છે. સદર બાબતે ધ્યાન દોરવાનું કે ઉપરોક્ત બંને વિજ્ઞાનિકશ્રીઓએ તેઓના નિવૃત થયા પછી તેઓની

લેબોરેટરીમાં બીજી હરોળ નાં વિજ્ઞાનિકો ન હોવાથી આંતરરાષ્ટ્રીય કક્ષાના આ પ્રોજેક્ટને ન્યાય આપી શકાશે કે કેમ ? તેમજ AAUની પ્રતિષ્ઠા પ્રમાણે પ્રોજેકટની કામગીરી તેમજ તેનાં હેતુઓ, લક્ષ્યાંકો મેળવી શકાશે કે કેમ ? તેવી રૂબરૂ રજૂઆત કરેલ. આથી સદર ભયસ્થાનને ધ્યાનમાં રાખી આંતરરાષ્ટ્રીય કક્ષાના આ પ્રોજેક્ટના ઉમદા હેતુઓ, અપેક્ષિત લક્ષ્યાંકો હાંસલ કરવાં મુશ્કેલીઓ ના ઉદભવે તથા AAUની પ્રતિષ્ઠાને જાંખપ ન લાગે તેવા ઉત્કૃષ્ઠ હેતુથી FUT ને જાણ કરવામાં આવેલ હતી. આ પત્રમાં જણાવેલ વિગતો FUT, Minna ને માત્ર જાણ કરવા પૂરતી હતી. સદર પત્રમાં કોઈપણ નિર્ણાયક બાબત નો ઉલ્લેખ કરેલ નથી. તા. ૧૬-૦૮-૨૦૧૯ નાં રોજ લખાયેલ સદરહુ પત્રનાં ગાળામાં હું યુનિવર્સિટીમાં સંશોધન નિયામક તરીકે ફરજ બજાવતો હતો તથા કાર્યકારી કુલપતિશ્રી તરીકેની વધારાની જવાબદારી મારા શિરે હતી. યુનિવર્સિટીમાં સંશોધનને લગતી તમામ બાબતોનો અસરકારક અમલ થાય તથા જે તે પ્રોજેકટમાં સંભવત સમસ્યા જણાય તો તેનું નિરાકરણ તથા જે તે પ્રોજેકટનાં ઉત્કૃષ્ટ પરિણામો માટેનું ઠોસ આયોજન વિગેરે સંશોધન નિયામક તરીકેની ફરજ અને જવાબદારી હોય છે. જરૂર જણાયે યુનિવર્સિટીમાં ઉચ્ચ સ્તરે તથા જે તે સંસ્થા સાથે યોગ્ય તથા નિરાકરણ અભિગમ સાથે રજૂઆત કરવાની હોય છે. આ સમયગાળા દરમ્યાન સંશોધન નિયામકનાં હોદ્દાની સાથે કુલપતિશ્રી તરીકેનો ચાર્જ પણ હતો. જેથી યુનિવર્સિટીનાં વડા તરીકે પણ વહીવટી બાબત ધ્યાનમાં આવે તો તે અંગે યોગ્ય ઘટતી કાર્યવાહી કરવી એ પણ ફરજ નો એક ભાગ જ હોય છે. આમ, યુનિવર્સિટીની ગરિમા જળવાય રહે અને ઉત્કૃષ્ટ પરિણામો થકી AAU ની પ્રતિષ્ઠામાં આંતરરાષ્ટ્રીય સ્તરે વધારો થાય તેવા સંનિષ્ઠ પ્રયત્ન કરેલ છે.

આ ઉપરાંત કુલસચિવ, આ.કૃ.યુ.ના ખાનગી પત્ર નં. આ.કૃ.યુ./રજી/એકેડેમિક/૫૪૪૧/૨૦૨૦ તા.૦૨/૦૩-૧૨-૨૦ માં જણાવ્યા મુજબ આ MoA નિયામક મંડળ દ્વારા મંજૂર થયેલ હોય તે અંગે નિયામક મંડળ ની મંજૂરી વગર વિરોધાભાસી પત્ર વ્યવહાર કરવા પાછળ તત્કાલિન ઇ.ચા. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા નું શું ઔચિત્ય હતું? તો આ બાબતે જણાવવાનું કે AAU અને FUT વચ્ચે થયેલા MoA માં તત્કાલિન કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલ સહી કરનાર મુખ્ય અધિકારી હતા તથા તેના સાક્ષી તરીકે મે તથા જે તે સમયના કુલસચિવશ્રી એ સહી કરેલ હતી. જેથી MoAમાં દર્શાવેલ વિગતોથી હું સારી રીતે વાકેફ છુ. આ MoA(સામાન્ય રીતે MoU/MoAને લગતા તમામ પત્ર વ્યવહાર અને વિગતો સંશોધન નિયામક ની કચેરી માં તૈયાર થાય છે. પરંતુ સદર MoA ડૉ. એન. સી. પટેલ સાહેબનાં સીધા માર્ગદર્શન હેઠળ તેમની કચેરીમાંજ તૈયાર કરવામાં આવેલ) નો હેતુ AAU અને FUT વચ્ચે Collaborative research, Scientist/ faculty exchange, technology transfer તેમજ students exchange હેઠળ વિધ્યાર્થીઓને એક બીજી યુનિવર્સિટિઓમાં ફૂડ સેફ્ટી તથા માઈકોટોકસીન ના સંશોધન/અભ્યાસ માટે મોકલવાનો હતો. MoAમાં દર્શાવેલ હેતુઓને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલ તથા AAU દ્વારા સહી કરીને FUT ને સહી અર્થે મોકલવામાં આવેલ ડ્રાફ્ટનો પૂરતો અભ્યાસ કરવામાં આવશે તો AAU દ્વારા જે પ્રોજેકટ મોકલવામાં આવેલ છે તેની વિગતોને તેમજ MoAમાં દર્શાવેલ બાબતોને કોઈ સીધો સંબંધ જણાતો નથી. અંતમાં, મારા દ્વારા કરેલ પત્રવ્યવહાર officially એક જવાબદાર અધિકારી તરીકે યુનિવર્સિટીના બહોળા હિત તથા AAU ની

પ્રતિષ્ઠામાં વધારો થાય તેમજ ભારત, નાઇઝીરિયા અને અન્ય દેશની વિશાળ જનતાની સુખાકારીમાં વધારો થાય તે માટે માત્ર વિજ્ઞાનિક અભિગમ અને વિજ્ઞાનિક પ્રકૃતિ ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે તેની નકલ પણ જે તે ફાઇલ માં ઉપલબ્ધ હશે જ તે તપાસ કરતાં ઉપલબ્ધ થશે.

ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉપરાંત મારા દ્વારા લખવામાં આવેલ પત્ર તેમજ **MoA** બાબતે નીચે મુજબના મુદ્દાઓની માહિતી યુનિવર્સિટીના જવાબદાર અધિકારીશ્રી દ્વારા મેળવીને મારી આ રજૂઆત સાથે આગામી નિયામક મંડળની બેઠકમાં માનનીય નિયામક મંડળના સદ્સ્યશ્રીઓને ધ્યાને મૂકવા વિનંતી છે. જેથી મે લખેલ પત્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા **FUT** સાથે કરવામાં આવેલા **MoA** તેમજ **AAU** દ્વારા **FUT** સાથે ભવિષ્યમાં કરવામાં આવનાર પ્રોજેક્ટ અંગેની હકીકતલક્ષી વિગતોથી વાકેફ કરી શકાય:

1. મેં સંશોધન નિયામક તથા ઇ.ચા. કુલપતિશ્રી તરીકેના હોદ્દાની રૂએ તા.૧૬-૦૮-૨૦૧૯ના રોજ પત્ર લખેલ હતો અને હું. તા. ૩૧-૦૮-૨૦૧૯ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત થયેલ હતો. ત્યારબાદ ગુજરાત સરકાર દ્વારા ખાસ કિસ્સામાં એક વર્ષ માટે કરાર આધારિત એક્સટેન્સન મળતા હું તા.૧૮-૦૮-૨૦૧૯ થી ૧૭-૦૮-૨૦૨૦ દરમ્યાન **Principal & Dean** તરીકે **FPT & BE** કોલેજ, **AAU, Anand** ખાતે ફરજ બજાવતો હતો. મારા દ્વારા લખેલ પત્ર **Federal University of Technology(FUT), Minna, Nigeria** ની કચેરી ને તા. ૧૯-૦૮-૨૦૧૯ ના રોજ મળી ગયેલ છે જે પત્રની નકલમાં તેમના ઇનવર્ડ નંબર અને તારીખ ઉપરથી માલૂમ પડી શકે છે. ત્યારબાદ **FUT, Minna, Nigeria** તરફથી આ પત્રનો કોઈ પ્રત્યુતર મળેલ હોય તો નિયામક મંડળ ની તા.૧૧-૧૧-૨૦૨૦ની 53મી બેઠકમાં રજૂ કરવો જોઈએ. જો કોઈપણ પ્રત્યુતર આપવામાં આવેલ ના હોય તો અત્રેના પત્રમાં લખેલ બાબતો હકીકતલક્ષી હોવાથી તેઓએ સદર બાબતોનો સ્વીકાર કરેલ છે તેમ માની શકાય. મારી પાસે ખૂલાસો માંગતા પત્રમાં જણાવેલ છે કે મારા દ્વારા લખાયેલ પત્ર **FAMU (Florida Agricultural and Mechanical University), USA** દ્વારા **AAU**ને મોકલવામાં તથા જાણ કરવામાં આવેલ છે. સદર બાબતે વિનંતી સહ જણાવવાનું કે આ પત્ર માત્ર **FUT, Minna, Nigeria** ને જ લખવામાં આવેલ હતો અને તેની નકલ અન્ય કોઈપણ સંસ્થા ને આપવામાં આવેલ ના હતી આમછતાં **FAMU, USA** દ્વારા આ પત્ર કઈ રીતે મેળવીને, ક્યા હેતુસર, કોના દ્વારા અને ક્યા માધ્યમ થી મોકલવામાં આવ્યો છે તેની વિગતો આગામી નિયામક મંડળની બેઠકમાં રજૂ કરવા વિનંતી છે.
2. **FUT, Minna, Nigeria** અને **AAU** વચ્ચે જે પ્રોજેકટ મૂકવામાં આવેલ છે તેનો સંપૂર્ણ પત્રવ્યવહાર અને કાર્યવાહી ડૉ. એન. સી. પટેલ સાહેબ દ્વારા અન્ય કોઈપણ અધિકારીને સામેલ કર્યા સિવાય તેઓના સીધા માર્ગદર્શન હેઠળ(ડૉ. એન.સી. પટેલના કુલપતિશ્રી તરીકેના કાર્યકાળના છેલ્લા સમયના દિવસો દરમ્યાન) કરવામાં આવેલ હતી જેથી આ અંગેનો બધો જ પત્ર વ્યવહાર તેમજ પ્રોજેકટ અંગેની માહિતી માન. કુલપતિશ્રીની કચેરીમાં ઉપલબ્ધ હશેજ.

નિયમોનુસાર અગાઉ યુનિવર્સિટી દ્વારા આવા સંશોધન તેમજ અન્ય બાબતોના પ્રોજેક્ટ્સ કે જે રાજયકક્ષા, રાષ્ટ્રીયક્ક્ષા કે આંતરરાષ્ટ્રીય કક્ષાના હોય તેનો પત્ર વ્યવહાર તથા કાર્યવાહી સંશોધન નિયામકશ્રી દ્વારા સંબંધિત શિક્ષકો / વિજ્ઞાનિકશ્રીઓનોં પાસેથી મેળવી અને તેઓના પરામર્શમાં રહીને તૈયાર કર્યા બાદ માન. કુલપતિશ્રીને રજૂ કરવામાં આવતી હતી અને ત્યારબાદ અમલવારી કરવામાં આવતી હતી. સદર કિસ્સામાં આવું બનવા પામેલ નથી. આ બાબતો માન. નિયામક મંડળના સદસ્યશ્રીઓને ધ્યાને લાવવા વિનંતી છે.

3. મારા દ્વારા લખાયેલ સદરહુ પત્રની વિગતો સને ૨૦૧૯માં બનવા પામેલ હતી. જેથી જે તે સમયે હું યુનિવર્સિટીમાંજ ફરજ બજાવતો હતો. આથી આ સમયગાળા દરમ્યાન જ મને રૂબરૂ બોલાવી ને કે પત્ર થી સ્પષ્ટતાઓ થઈ શકી હોત અને તેની વિગતો જરૂર જણાયે નિયામક મંડળની બેઠકમાં રજૂ કરી શકાઈ હોત. પરંતુ એક વર્ષ બાદ યુનિવર્સિટી ક્ક્ષાએ પ્રાથમિક તપાસ કર્યા સિવાય આ અંગેની કાર્યવાહી સીધીજ નિયામક મંડળની બેઠકમાં ખાસ એજન્ડા તરીકે મૂકીને ખૂલાસો પૂછવા પાછળનુ પ્રયોજન મને સમજાતુ નથી. જેથી આ બાબત પણ માન. નિયામક મંડળના સદસ્યશ્રીઓને ધ્યાને લાવવા વિનંતી છે.
4. **FUT, Minna, Nigeria** અને **AAU** વચ્ચે જે પ્રોજેકટ મૂકવામાં આવેલ છે તેના પ્રથમ પત્રથી લઈ ને છેલ્લા પત્ર સુધીની તમામ વિગતો તપાસીને શરૂઆતમાં **AAU** દ્વારા કેટલી ગ્રાન્ટની (ડોલર કે રૂપિયામાં) દરખાસ્ત કરવામા આવેલ હતી અને આખરે કુલ મંજૂર થયેલ ગ્રાન્ટ માંથી **AAU** ને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તેની વિગતો રજૂ કરવા વિનંતી છે. એટલુજ નહીં પરંતુ આ પ્રોજેકટ ની કામગીરી માટે કેટલો મેન પાવર (રિસર્ચ ફેલો કે અન્ય) આપવામાં કે મંજૂર કરવામાં આવેલ છે તેમજ કુલ મંજૂર થયેલ ગ્રાન્ટ ને જુદી-જુદી કામગીરી કરવા માટેના સબહેડમાં ફાળવવામાં આવેલ હોય તો તેની વિગતો પણ આગામી નિયામક મંડળની બેઠકમાં રજૂ થવા વિનંતી છે. જેથી આ પ્રોજેકટમાં **AAU**ને ફાળવેલ નાણાં અને જે કામગીરી કરવાની થાય છે તેની હકીકતલક્ષી વિગતોની જાણ માન. નિયામક મંડળના સદસ્યશ્રીઓને થઇ શકે.
5. **AAU**ના પ્રવર્તમાન નિયમો અને સ્ટેચ્યુટ મુજબ **FUT, Minna, Nigeria** અને **AAU** વચ્ચે જે આંતરરાષ્ટ્રીય કક્ષાનું **MoA** કરવામાં આવેલ છે તેની જોગવાઇઓ છે કે કેમ ? એટલુજ નહીં પરંતુ આવા પ્રોજેક્ટ્સ માટે **MoA** ભૂતકાળમાં કરીને સીધા જ નિયામક મંડળમાં મૂકવામાં આવેલ છે કે કેમ ? આ ઉપરાંત આવા આંતરરાષ્ટ્રીય સ્તરે **collaborative** કામગીરી કરવા માટે ભૂતકાળમાં **MoA** કરવામાં આવેલ છે કે **MoU** ? અને તે **MoA/ MoU** માં નિયમો મુજબ મુખ્ય સહી કરનાર અધિકારી કોણ હોય છે તેની વિગતો માન. નિયામક મંડળના સદસ્યશ્રીઓને ધ્યાને લાવવા વિનંતી છે.

આ અગાઉ **AAU** દ્વારા આવાજ પ્રકારના બે આંતરરાષ્ટ્રીય **MoU, FAMU-USA** (વર્ષ ૨૦૧૮) અને **University of Alberta-Canada** (વર્ષ ૨૦૧૭ ) સાથે પણ કરવામાં આવેલ હતા. આ બંને **MoU**ની સંપૂર્ણ

કામગીરી નિયમો મુજબ સંશોધન નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવેલી હતી. આથી મારી જાણ મુજબ આવા આંતરરાષ્ટ્રીય પ્રકારના **MoU** માટે ભારત સરકારશ્રીના વિવિધ મંત્રાલયો/વિભાગો ની મંજૂરી મેળવવામાં આવેલ હતી. ત્યારબાદ નિયામક મંડળ ની મંજૂરી મેળવવામાં આવેલ હતી. સરકારશ્રીની આ મંજૂરી મેળવવાની માર્ગદર્શિકા /પત્રો સંશોધન નિયામકશ્રીની કચેરીમાં ઉપલબ્ધ છે. એટલુજ નહીં, પરંતુ, માન. ડૉ. એન.સી. પટેલ સદર તમામ કાર્ય પ્રણાલીથી વાકેફ હતા. કારણ કે **AAU** અને **FAMU-USA** વચ્ચે થયેલ **MoU**માં પણ મુખ્ય સહી કરનાર અધિકારી તરીકે માન. ડૉ એન.સી. પટેલ હતા અને તેના સાક્ષી તરીકે મે સહી કરેલ હતી.

આથી **FUT, Minna, Nigeria** અને **AAU** વચ્ચે થયેલ **MoA**ની ભારત સરકારશ્રીના વિવિધ મંત્રાલયો/વિભાગો ની મંજૂરી મેળવવામાં આવેલ હોય તો તેની વિગતો માન. નિયામક મંડળના સદસ્યશ્રીઓને ધ્યાને લાવવા વિનંતી છે.

ઉપરોક્ત વિગતો નિયામક મંડળની તા. ૧૧-૧૧-૨૦૨૦ના રોજ મળેલ ૫૩મી બેઠક ના મુદા નંબર ૫૩.૩૧થી કોઈપણ પ્રકારની પ્રાથમિક તપાસ કર્યા સિવાય મુસદ્દો મૂકી જે ભાષામાં મારી પાસેથી માહિતી/ખુલાશો માંગવામાં આવ્યો છે તેની ગંભીરતાને ધ્યાને રાખી ઉપરોક્ત વિગતે વિસ્તૃત રજૂઆત કરી છે. મારી રજૂઆતમાં કોઈપણને વ્યક્તિગત લક્ષ બનાવાવાનો કોઈ હેતુ કે ઇરાદો નથી. પરંતુ હું એક નિવૃત સંશોધન નિયામક તેમજ ઇ.ચા. કુલપતિ હોવાના નાતે મેં કરેલ નિષ્ઠાપૂર્વકની કામગીરીને અયોગ્ય અને યુનિવર્સિટિ ને જાંખપ લાગે તેવો પ્રયત્ન થયો છે તેવું જણાવવાથી મને ખૂબ જ ઠેસ પહોંચી છે. યુનિવર્સિટિના હિતોને મેં હમેંશા માતૃસંસ્થા તરીકે પ્રાધાન્ય આપેલ છે અને આપતો રહીશ. માન. નિયામક મંડળના સદસ્યશ્રીઓને મારી ઉપરોક્ત હકીકત લક્ષી વિગતો ધ્યાને લઇ માન્ય રાખવા તથા અનુમોદન આપવા નમ્ર વિનંતી છે.

23/11

(કે. બી. કથીરિયા)

જાવક - ૩૯૩

પ્રતિ,
ડૉ/શ્રી. કુલસચિવશ્રી
આણંદ કૃષિ યુનિવર્સિટી
યુનિવર્સિટી ભવન
આણંદ- ૩૮૮૧૧૦

રવાના:
ડૉ. કે.બી. કથીરીયા
નિવૃત્ત સંશોધન નિયામક (આ.કૃ.યુ.)
E1/1, બાંધકામ કેમ્પસ ક્વાટર
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

24/12/2020
PS/B